ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

દૈ દે વચન, કરે કાયદા, પણ સજ્જન નથી!
કરી દે ચૂપ ક્ષણિક જુસ્સો એને લજ્જન નથી!
કરે ભૂમિ પૂજન, કૂવો ખોદવા, આગ જોઈને -
કોર્ટમાં એમના વાયદાનું કોઈ વજન નથી!
(જાટ-પાટીદારો સાથે છેતરપીંડી)

હાઈકુ

પુત્રી ને બોધે,
વહુને દે ચીમટો -
રાજરમત!
(નિવેદનીયું સાસુપણું)

પક્ષ ન મૂલ્યો!
પગારીયા વકીલો -
રાજ્ય સભામાં...
(સ્વામી, જેઠમલાણી વગેરે...)

### ચિંતન

**કલાનિ સમુચેતાનિ ગોભિઃ પુરુષતોડર્થતઃ ।**
**કુલસંખ્યાં ન ગચ્છન્તિ યાનિ હીનાનિ વૃતાનિ ॥**

ઉપરનો શ્લોક વિદુરનીતિમાંથી લેવાયેલ છે.

ગાયો, પુરુષો તથા ધનની સંપન્ન હોવા છતાં પણ સદાચાર (વૃત્ત)થી રહિત કુળોની ગણતરી 'ઊંચાકુળ'માં થતી નથી. કુલીનતાનો માપદંડ સદાચાર છે, નહિ કે ગાયો જેવી ધન સંપત્તિ.

આજકાલ બંગલા-બ્લોટ કારની સંખ્યા - અને સોનાનો જથ્થો ઉપરથી 'કુળ'ની ગણતરી થતી હોય છે. કુળ એ સાધન-સંપત્તિના માપકયંત્રથી માપવાની બાબત નથી.

વ્યક્તિઓ (ઘર-કુળમાં રહેતી) સદાચારી સંસ્કારી અને જીવનમૂલ્યોને સમજી એ પ્રમાણએ જ આચરણ કરતી એ કુળને 'કુળવાન' કહેવામાં આવે છે.

આજકાલ સંપત્તિનો સ્રોત કયાંથી અને કેવી રીતે આવે છે એ સૌ કોઈ જાણે જ છે.

### સુવિચાર

- શાણપણ દ્વારા જ માણસાઈના પાઠ શીખવી શકાય છે,
  વિતેલા યુગોના સમયનો સરવાળો એ જ આજનું શાણપણ - **એસ. ભટ્ટાચાર્ય**
- જેઓ સુંદર વસ્તુમાંથી સુંદર અર્થ શોધી કાઢે છે તે સંસ્કારી છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- બેવફા લીડરોની ભાષણબાજી કરતાં... વફાદાર કૂતરાની ભણસબાજી સારી - **અક્ષય અંતાણી**
- દંભ એ દુર્ગુણે સદ્‌ગુણને આપેલો આદર છે - **પૂજ્ય મોટા**
- હું એ શીખ્યો છું કે પ્રામાણિક હોવું એ શક્તિ નથી,
  કુશળતા પણ નથી એ માત્ર આદત છે - **વર્ગીસ કુરીયન**
- શ્રદ્ધા એ તર્કનું સાતત્ય છે - **લાઓત્સે**
- આજનું ઔષધ : એસિડીટીમાં પીપરીમૂળ, ગંઠોડાનું ચૂર્ણ સાકર સાથે લેવું.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

અધજલ ગગરી છલકત જાય, અધુરો ઘડો છલકાય ઘણો, અધકચરું જ્ઞાન માણસને અભિમાની બનાવે છે, આજે વિશ્વમાં ગુગલ અને કોમ્પ્યુટર જેવાં 'જ્ઞાની' સાધનો એ માણસને પામર અને નિરાભિમાની બનાવી દીધો છે સાથે એને 'સંતોષ' પણ છે કે મારા પાસે આ મશીનનાં 'સર્વજ્ઞ' છે. મને બધું આવે - મને અનુભવ છે - હું જાણું છું એ કહેનાર અજ્ઞાન છે, ન જાણવાનો સ્વીકાર એ જ જ્ઞાન છે.

સોક્રેટીસે એથેન્સમાં ડેલ્ફીના દેવળમાં આંખમાં અશ્રુ સાથે પ્રાર્થના સાથે કબૂલાત કરી - 'હે દેવ! હું કબૂલ કરું છું મને જાણ છે કે હું કંઈ જ જાણતો નથી.'

ભરચક પ્રાર્થના સભામાં જ દેવળની મૂર્તિમાંથી આકાશવાણી થઈ - આજ, આ ક્ષણે જ સોક્રેટીસ પરમ 'જ્ઞાની' થઈ ગયો છે..' કેટલાક અવિશ્વાસુ, ઈર્ષાળુ, એ શંકા વ્યક્ત કરી, દેવશ્રી, જયારે સોક્રેટીસ જાતે જ જાહેર કરે છે કે તે કંઈક જ જાણતો નથી. ત્યારે તમે એને 'જ્ઞાની' થઈ ગયો છે ની જાહેરાત કેમ કરી શકો?

ડેલ્ફીના દેવે કહ્યું - માણસ જયારે નિરંકારી થઈ જાય, નમ્ર બને ત્યારે જ પોતાના 'અજ્ઞાન'નો સ્વીકાર કરી શકે - એ પરિસ્થિતિ એજ 'જ્ઞાન' છે.

# સોનિયા ગાંધીનો પુણ્યપ્રકોપ

રાયબરેલીની મુલાકાત દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ મીડિયાએ પૂછેલા પ્રશ્નોના જવાબ આપતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલી સામે ભારે રોષ ઠાલવ્યો હતો. સોનિયા ખાસ્સાં નંખાઈ ગયેલાં લાગે છે અને છેલ્લે કેટલાક વખતથી ભારતીય જનતા પાર્ટી અને સવિશેષ વડાપ્રધાન મોદી તથા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જે રીતની ગાંધી-પરિવાર વિરુદ્ધની ઝુંબેશ ચલાવી રહ્યા છે, એની એમના પર ગંભીર અસર વરતાવા લાગી છે. એમને મોદીની શાસનશૈલીને 'શહેનશાહ' જેવી ગણાવીને ઉગ્ર પ્રતિક્રિયા આપતાં કહ્યું કે વડાપ્રધાને વડાપ્રધાનની જેમ વર્તવું જોઈએ. એ કંઈ શહેનશાહ નથી. સોનિયા ગાંધી યુરોપની સંસ્કૃતિમાં ઊછર્યાં છે, એટલે શહેનશાહત અને લોકશાહી વચ્ચેનો ભેદ બરાબર જાણે છે. લોકોના મત લઈ પાંચ વર્ષ માટે સત્તા પર બેઠેલા નેતાએ લોકોનાં સુખદુઃખમાં સહભાગી થવું જોઈએ, એને ઠેકાણે મોદી એમના બે વર્ષના શાસનકાળની સિદ્ધિઓની જાહેરાતો કર્યા કરે છે; દેશમાં દુકાળ છે, ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે ત્યારે સરકાર ઉત્સવ ઊજવી રહી છે. સોનિયા ગાંધીનો પુણ્યપ્રકોપ અમુક અંશે વાજબી પણ છે, પરંતુ એ પુણ્યપ્રકોપ પાછળ નહેરુ-ગાંધી પરિવાર પાછળ મોદી સરકારે ચાલુ રાખેલી વેરવૃત્તિ વિશેષ જવાબદાર છે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને રોબર્ટ વાડ્રા વિરુદ્ધ છાશવારે કંઈ ને કંઈ કૌભાંડની સંડોવણીના ગુબારા ઊડતા રહે છે. પંડિત નહેરુ એ અને એમનાં વંશજોએ જાણે દેશનું દેવાળું ફૂંકી દીધું હોય એવી છાપ ઊભી કરવાના પ્રયાસો થતા રહ્યાં છે. વાડ્રા વિરુદ્ધ રાજસ્થાન અને હરિયાણામાં જમીન કૌભાંડની સરખી તપાસ કરવાનું કોરાણે મૂકી દઈ એમને શસ્ત્ર સોદાગર સંજય ભંડારીનાં કાળા કરતૂતો સાથે સાંકળવાનો ભાજપનો પુરુષાર્થ સ્વાભાવિક રીતે જ સોનિયા ગાંધીને માનસિક રીતે વિટંબણા પેદા કરી શકે. લંડન ખાતે વાડ્રા શસ્ત્ર સોદાગરની મહેરબાનીથી બેનંબરી બંગલો ધરાવતા હોવાની વાતોથી એ વિચલિત થઈ ગયાં છે. તેથી એમણે ઉગ્રતાપૂર્વક કહ્યું કે ભારતને 'કોંગ્રેસમુક્ત' બનાવવાના એજન્ડા હેઠળ રોજેરોજ કોઈ નવું ગતકડું કાઢી ગાંધી પરિવારને હેરાનપરેશાન કરાઈ રહ્યું છે. નેશનલ હેરાલ્ડ કેસમાં નહેરુ પરિવારની સંડોવણીની પળોજણ ચાલુ જ છે. એમાં સોનિયાં અને રાહુલને કોર્ટનાં ચક્કર ખાવાં પડે એવી સ્થિતિ સરજાઈ છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડ સામે આંગળી ચીંધાયેલી છે. વાડ્રાને સોનિયા પરિવારના જ સદસ્ય ગણી એમની વહારે ધાયાં છે. એમણે એ પ્રકારની બદગોઈ કૂટ્યા વગર એની શુદ્ધબુદ્ધિથી - ભેદભાવ રહિત તપાસ કરવાનો પડકાર ફેંક્યો છે. જયારે સોનિયા ગાંધી આવો પડકાર ફેંકી રહ્યાં છે ત્યારે હવે મોદી સરકાર પુરાવા વગર કાગળના ઘોડા દોડાવ્યા કરશે તો લાંબે ગાળે એ બાબત બૂમરેંગ થવાની શક્યતા છે. જો વાડ્રા ખરેખર ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોય તો એમની સામાન્ય નાગરિકની જેમ જ તપાસ થવી જોઈએ અને પૂછપરછ થવી જોઈએ. ગુનો સાબિત થાય તો એમને સજા થવી જોઈએ. પરંતુ વાડ્રાનાં કૌભાંડોને મુદ્દો બનાવી ચૂંટણી જીતવાનો જ ઉપક્રમ હોય અને એમને હાથ સુદ્ધાં લગાડવાનો ન હોય તો સરકાર જરુર કશુંક કાવતરું કરી રહી છે, એવો જ અર્થ નીકળશે. સોનિયાના પુણ્યપ્રકોપ સામે ગરીબ માણસ વડાપ્રધાન બન્યો એ એમનાથી સહ્યું નથી જતું - એવો આક્ષેપ વાહિયાત છે. લોકશાહીમાં કોઈ પણ માણસ બંધારણીય મર્યાદાઓ મુજબ વડાપ્રધાન બની શકે છે. એટલે ખરેખર તો કેન્દ્ર સરકારે સોનિયા પરિવાર સામે છાશવારે નિવેદનો કરવાને બદલે એમના અપરાધ બદલ ચાર્જશીટ મૂકવાની હિંમત દાખવવી જોઈએ.

**તંત્રીસ્થાનેથી...**



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

# કડુ-કરિયાતું

આપણે ત્યાં કડવાણીની બહુ જુની પ્રથા છે. ઘરનાં વડવાઓને પુછીએ તો ખ્યાલ આવે કે તેઓ કડવાણીનો કેવો પ્રયોગ કરતા. ભલે અત્યારે અર્બન કલ્ચર ડેવલપ થયુ હોય, પણ અમુક સંસ્કારો સદ્‌ભાગ્યે ઘરમાં સચવાઈ રહેલા છે, જેમકે કડવાણી. ઘણાં લોકો આજે પણ નરણાં કોઠે કડવાણી પીધા બાદ જ દૈનિક ક્રિયાઓ આરંભે છે, અને તેઓના સ્વાસ્થ્ય પર આ સારી ટેવની સારી અસરો પણ જોવા મળે જ છે.

આમ તો કડવાણીમાં ઘણાં ઔષધોનો સમાવેશ થતો હોય છે, પણ સૌથી વધુ જાણીતા અને ઉપયોગમાં લેવાતા બે ઔષધો છે. એક કડુ અને બીજું કરિયાતું. બોલચાલમાં કડુ-કરિયાતું જાણે એક જ ઔષધ હોય તેવું લાગે. આ બન્ને કડવાણીઓને ઘણા વર્ષોથી સાથે ઉપયોગમાં લેવામાં આવે છે. કડુ ને સંસ્કૃતમાં 'કટુકી' કહે છે. તે અત્યંત કડવું હોય છે, પણ સાથેસાથે અત્યંત ગુણકારી પણ ખરૂ. કડુ શરીરની ઈમ્યુનિટી વધારે છે. લિવરને પોષણ આપે છે, સ્પલીન (બરોળ) માટે પણ હિતકર છે. ઝાડો સાફ લાવે છે. માતાનું ધાવણ શુદ્ધ કરે છે. તાવમાં કડુ ખૂબ હિતકર છે. તે શરીરની નાડીની ગતિને ઘટાડે છે તેમ જ રોગપ્રતિકારકતા વધારે છે. કડુ કફ અને પિત્તને શમાવનાર છે. ભૂખ લગાડનાર અને પાચન કરનાર છે. કડુ લેખન કરનાર છે. એટલે કે શરીરમાં ચોંટેલી અશુધ્ધિઓને ખરોચી ખરોચીને બહાર કાઢે છે. કડુનાં આ ગુણને કારણે જ ઘણા વૈધો તેને વજન ઉતારવાના એક ઔષધ તરીકે પણ ઉપયોગમાં લે છે. કડુ રેચક અસર કરે છે. એટલે શરીરના વધારાના પિત્તને બહાર કાઢે છે. જો કે મર્ડાના રોગીઓએ કડુનો ઉપયોગ કરવામાં સાવધાની રાખવી.



આ ઉપરાંત કડુ ડાયાબિટીસમાં પણ ખૂબ ઉપયોગી છે. કડુના ઉકાળાની સાથે રોજીંદો વ્યાયામ તેમ જ ડાએટ કંટ્રોલ રાખવાથી સુગર કાબુમાં રહે છે. કડુ ચામડીના રોગો તેમજ શિળસમાં પણ હિતકર છે. કડુ હૃદય માટે પણ ખૂબ હિતકારી છે. કડુના નિયમીત સેવનથી હૃદયની ગતિ નિયમીત થાય છે તેમજ હૃદયને પોષણ મળે છે. કડુનો વધારે માત્રામાં ઉપયોગ કરવાથી પેટમાં ચૂંક આવે છે, આથી નિયત માત્રામાં જ ઉપયોગ કરવો. કડુનો શેકીને ઉપયોગ કરવો.

બીજુ ઔષધ છે કરિયાતું. આ પણ શ્રેષ્ઠ બિટર ટોનિક છે. સંસ્કૃતમાં તેને 'કિરાતતિક્ત' કે 'ભૂનિમ્બ' કહે છે. તાવ, શરદી-ઉધરસ, શરીરની નબળાઈ, ઈંફેક્શન, કૃમિ આદિમાં કરિયાતું શ્રેષ્ઠ છે. કરિયાતું શરીરના સોજા ઉતારવામાં પણ મદદરૂપ છે. કરિયાતું તાવનું ઉત્તમ ઔષધ છે. શરીરની ઈમ્યુનીટી વધારે છે. શરીરનું પિત્ત ઘટાડે છે. રક્તિપત્ત કે શરીરનાં કોઈ પણ ભાગમાંથી રક્તસ્રાવ થતો હોય તેને રોકે છે. ત્વચાવિકારોમાં હિતકર છે.

આમ કડુ અને કરિયાતું, બન્ને ઔષધો અતિગુણકારી અને શરીર માટે હિતકર છે. અને કદાચ એટલા માટે જ આપણે ત્યાં આનુ નિયમીત સેવન કરવાનો રિવાજ છે. આજે લોકોની જનરલ ઈમ્યુનિટી ઘટી છે. વાતાવરણમાં પ્રદૂષણ વધ્યુ છે. ઋતુઓમાં ફેરફારો વધ્યા છે. આવા સમયે આપણી તથા આપણા પરિવારજનોની રોગપ્રતિકારક શક્તિ સુદ્રઢ રહે તે ખૂબ જરૂરી છે, અને કડુ કરિયાતું તેનો સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે.

- drkedarju@gmail.com

# દેવદૂતોની સવારી

હું શાંતિથી, આસોપાલવના છાંયડે પુસ્તકમાં નજરો પરોવીને બેટો હોઉ અને કયાંકથી કોયલનો ટહૂકાર વહી આવે ત્યારે વાચનમાં ખલેલ પડે છે અને એમ તો કહેવાય નહીં પણ આંખો તુરત જ પુસ્તકમાંથી ઊંચકાઈને સૂરગંગાનું ઉદ્‌ભવસ્થાન જોવાં વૃક્ષોની ડાળીઓમાં ખાંખાંખોળાં કરવા માંડે છે. કયાંક સૂરસામ્રાજ્ઞીનો અતોપતો ન મળતાં નજરો પાછી શબ્દોની ફૂલવાડીમાં પરોવાઈ જાય છે. પરંતુ વાંચતા વાંચતા જયારે શાળાએ જતાં બાળકોનો કિલકિલાટ કાને સ્પર્શી જાય છે. તે સમયે આંખો એકવાર પુસ્તકમાંથી ઊંચકાઈને રસ્તા તરફ ગયા પછી તુરતમાં પાછી વળી શકતી નથી. લગભગ અગિયાર વાગ્યાના સુમારે આ ઘટના ઘટે છે. અલબત્ત, રોજ સવારના સાત વાગ્યે પણ આ વસ્તુ સ્થિતિ જરુરથી આકાર લે છે. પરંતુ એને નિહાળવા હું આસોપાલવ જરુરથી આ પ્રક્રિયાનો આનંદ ભરપેટ માણસો હશે.



શાળાએ ભણવા જતાં બાળકોને જોવા એક અમોલો આનંદનો અવસર છે. તેમના મુખ ઉપર, તેમની ચાલમાં અને તેમની વાતોમાં ગજબનો ઉત્સાહ છલકાતો હોય છે. કભા ઉપર લટકાવેલું ભારેખમ દફતર તેમના ઉત્સાહને ખાળવામાં નાકામિયાબ નીવડે છે. રોજ એના એ સવાલો હોય, રોજ એના એ જવાબો હોય અને મોટાભાગની વાતોય એની એ હોય છતા તેઓ કેવા ઉછળી ઉછળીને, પાંપણો મટકાવતા, હાથ ઉલાળતા વાતો કરે છે કે આપણે બસ જોયા જ કરીએ અને કાનોથી અવિરત સાંભલ્યા જ કરીએ. મારા ઘર આગળથી પસાર થતો રસ્તો સીધો સરકારી પ્રાથમિક શાળાના દરવાજા આગળ જાય છે. એટલે શાળાના અડદાથી વધુ બાળકો માટે ઝાંપા પાસેથી પસાર થાય છે. આ શાળા ભણી જતાં જતાં મનના ઉમંગો વેરતા જતા બાળકોને જોવા એ બહુ આનંદની વાત છે. સરકાર પ્રવેશોત્સવ ઉજવે કે ના ઉજવે બાળકો માટે તો શાળાનો પહેલો દિવસ અનેરો ઉત્સવ વર્ષોથી છે અને તેનો આનંદ તેઓ બધા ભેગા મળીને માણે છે.



## મનના ઉમંગો

રણછોડ પરમાર

સરકારી શાળાના બાળખો માટે પણ ગણવેશ તો નક્કી થયેલો છે, પણ પહેલા દિવસે એ કયો પાગલ પહેરે? અરે, આપણે મનગમતાં કપડાં પહેરીએ એ પણ આનંદનો જ એક ભાગ છે ને? સરકાર ખબર નહીં કયારે ગણવેશ- સહાય આપશે અને એ રકમ કયારે ગણવેશ ખરીદવા માટે વપરાશે એનું અનુમાન કરવું ખુબ અઘરુ છે. કદાચ સરકાર મા-બાપ સમયસર બે જોડ યુનિફોર્મની સહાય આપી દે અને એ મૂડીમાંથી બાળખોના બાપા નશાબંધીવાળા રાજયમાં દારૂ પી ના જાય અથવા ગતિશીલ ગુજરાતમાં માંડ માંડ ઘર ચલાવતી મા પૈસા નાછૂટકે ઘરખર્ચમાં વાપરી ના કાઢે તો લાડકા શિશુને ગણવેશ મળી પણ શકે છે. અંતરીયાળ વિસ્તારમાં ચાલતી શાળીઓમાં ગુણોત્સવ હોય કે ફુણોત્સવ છોકરાં એક દિવસ ધોયેલા કપડાં પહેરીને આવે તોય ભયો, ભયો!

માફ કરજો, બહુ આડી વાત પર જતા રહેવાયું. ઘરમાં ગણવેશ હોય કે ના હોય, પહેલાં દિવસે તો રંગીન કપડાં પહેરીને જ જવાનું! ખભે નાનકડું દફતર અથવા બગલથેલો ભરાવેલો હોય, કોઈ કોઈએ પગમાં જૂની સ્લીપર પહેરી હોય, નહાતી વખતે મોઢું બરાબર ધોયું હોય, તેલ નાખીને વાળ સરસ ઓળવ્યા હોય, ચડ્ડીના ખિસ્સામાં પપ્પાએ શુકનનો આપેલો રૂપિયો જમણો હાથ વારે ઘડીએ પંપાળતો હોય એવાં બે-ત્રણ, ચાર-પાંચના ઝૂમખામાં ચાલ્યા જતા બાળકો એટલા ઉમંગથી ધરતી પર પગ મૂકતા હોય અને ઉઠાવતા હોય કે એના થનગનાટથી જ પૃથ્વી ધન્ય ધન્ય થઈ જતી હોય છે. આ ટોળીમાં જો કોઈ કન્યા હોય તો એણે ચોટલાને છેડે નવી બોપટી બાંધી હોય તે વારાફરતી ડાબાજમણા હાથમાં રમાડતી હોય અથવા આજે ખાસ ગાલે લગાડેલો સુગંધી પાવડર વારેવારે હાથથી પંપાળતી હોય. એને જોઈને ગમે તેને ચૂમી ભરવાનું મન થઈ આવે.

તાજેતરમાં અવસાન પામેલા જાણીતા શાયર નિદા ફાજલીએ 'રોશની કે ફરિશ્તે' નામની એક સુંદર કવિતા લખી છે. તેમાં એમણે શાળો જતા નિર્દોષ બાળકોનું અદ્‌ભૂત કહી શકાય એવું વર્ણન કર્યું છે. એનો આરંભ જ અફલાતૂન છે. 'હુવા સવેરા.' આપણા બાળકો શાળાએ ભણવા જાય એ વાતે જ આપણા દેશમાં ખરેખર સવાર પડવાની છે. પાછું શિર્ષક છે, 'રોશની કે ફરિશ્તે'. આ બાળકો જ તો છે જે પ્રકાશના પયગંબર. દરેક અંતરામાં એક સુંદર કલ્પના કરવામાં આવી છે અને એના અંતમાં 'બચ્ચે સ્કૂલ જા રહે હૈં!' લખ્યું છે. તે આપણા મગજમાં વારંવાર ઘૂંટાય છે. હવે ગમે ત્યારે બાળકોને શાળાએ જતા જોશો, આપના હોઠ જરુર ગણગણી ઊઠવાના, 'કિ બચ્ચે સ્કૂલ જા રહે હૈ!'

રૌશની કે ફરિશ્તે

હુઆ સવારે
જમીન પર ફિર અદબ સે આકાશ
અપને સર કો ઝુકા રહા હૈ
કિ બચ્ચે સ્કૂલ જા રહે હૈં...
નદી મેં અસ્નાન કરકે સૂરજ
સુનહરી મલમલ કી પઘડી બાંધે
સડક કિનારે
ખડા હુઆ મુસ્કુરા રહા હૈ
કિ બચ્ચે સ્કૂલ જા રહે હૈ...
હવાએં સર-સબ્જ ડાલિયોં મેં
દુઆઓં કે ગીત ગા રહી હૈં
મહકતે ફૂલોં કી લોરિયાં
સોતે રાસ્તોં કો જગા રહી હૈં
ઘનેરા પીપલ
ગલી કે કોને સે હાથ અપને હિલા રહા હૈ
કિ બચ્ચે સ્કૂલ જા રહે હૈ...!
ફરિશ્તે નિકલે હૈ રૌશની કે
હરેક રાસ્તા ચમક રહા હૈ
યે વક્ત વોં હૈ
જમીં કા હર જર્રા
માં કે દિલ - સાં ધડક રહા હૈ
પુરાની ઈક છત મેં વક્ત બૈઠા
કબૂતરોં કો ઉડા રહા હૈ
કિ બચ્ચે સ્કૂલ જા રહે હૈં...!

- નિદા ફાજલી

# સંસાર સાગર તરવા માટેનાં બે હલેસાં : એક 'નમી જા' અને બીજું 'ખમી જા'

ધીમે ધીમે વૃદ્ધિ પામી વૃદ્ધ થા.
પછી સર્વસ્વ ત્યાગી બુદ્ધ થા.
સ્નાન હો ઘરમાં કે ગંગાતટે,
છે શરત એક જ ભીતરથી શુદ્ધ થા.

●●●

એક કલાકાર હતો. રોજ નાટકમાં કામ કરે. એક દિવસ એક વ્યક્તિએ તેને પૂછ્યું કે,નાટકમાંથી તમે તમારી જીંદગીમાં શું શીખ્યા? નાટકના એક કલાકારે સરસ વાત કરી. તેણે કહ્યું કે નાટકમાંથી એક જ વસ્તુ હું શીખ્યો છું કે નાટકમાંથી તમારો રોલ પૂરો થઈ જાય એટલે તમારે સ્ટેજ છોડી દેવાનું છે!

આપણે કઈ જ છોડતા નથી એટલે જ દુઃખી થઈએ છીએ. આપણને ઘણીવખત ખબર જ નથી પડતી કે આપણો રોલ ક્યાં પૂરો થાય છે? મૂળ વાત એ છે કે ખરેખર આપણે સાચે સાચું જીવીએ છીએ ખરા?! એક મેવ માત્ર આર્થિક ઉપાર્જન કરવું, ભૌતિક ઉપલબ્ધિઓ કે સુખ સાહ્યબી ભોગવી લેવાની ઘેલછા. જેની પાસે પૈસા નથી તે ગમે તે ભોગે યેનકેન પ્રકારે મેળવવા મથે છે. જેની પાસે છે તે સાચવવામાં ને કદી ન ખૂટે તેની મથામણમાં છે તો બીજો સાચવવાની પળોજણમાં ગૂંચવાયો છે!!

મિત્રો, પૈસો અતિ આવશ્યક છે. છે જ પરંતુ તેને જ સર્વસ્વ માની જીવવું ભૂલભરેલું છે. આપણું મોટાભાગનું આયખું આવા ઉધામામાં જ વેડફાઈ જાય છે. આવી હડીયાપાટી કર્યા પછી સાચું ભાન થાય ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે..... મળેલું જીવન માત્ર **eat,drink and be merry** - ખાઓ પીઓ ને મજા કરો એટલા માટે નથી. આજે મોટાભાગનો જનસમૂહ બસ આજ વિચારધારણાથી જીવ્યે જાય છે.... દોસ્તો, સંસ્કૃતમાં કહેવાયું છે કે 'મનનાત સઃ મનુષ્ય' જે મનન -ચિંતન કરે તે મનુષ્ય. આપણે કદીયે સૂતી વખતે ચિંતન કર્યું ખરું? દિવસ દરમ્યાન કરેલા સારા - નરસા કાર્યોના વ્યવહારને કદી તટસ્થભાવે તપાસ્યો ખરો? ઋષિમનિષીઓએ માનવ્યની શ્રેષ્ઠતા માટે ખૂબ જ વિચાર્યું છે. એટલે તો ''ત્રિકાળ સંધ્યા'' આપી. સૂતી વેળાએ શ્લોક બોલતાં વિચારવાનું કે 'કરચરત મૃતઃ' આ ચિંતન છે. થયેલી ભૂલો પુનઃ ન થાય ને શુદ્ધ થવાય... જીવન માંજવા માટે આવા શ્લોક આપ્યા જે થકી યથાર્થ જીવનબોધ પ્રાપ્ત થાય.માણસને પ્રકૃતિના તત્વો શીખવે છે જરા નજર કરીએ છીએ ખરા? કુદરતના અલખ સંદેશને વાંચવા આપણી પાસે એવી દ્રષ્ટિ છે ખરી? ક્યારેય કુદરતની લીપિ ઉકેલવાનો પ્રયાસ કર્યો છે ખરો?!!

આપણા અસ્તિત્વના સાર્થક્યનો આનંદ અનુભવ્યો છે ખરો? એક વ્યવહારુ વાત સમજીએ કે મારી વસાવેલી મોટર જયારે બીજાના કામમાં આવે ત્યારે તેનું મૂલ્ય ઘણું વધી જાય છે. જેના ઉપયોગમાં આવે ત્યારે તેના ચહેરા પરનો આનંદ જોઈ મોટર-ગાડી વસાવ્યાનો મારો આનંદ બેવડાય છે ખરો? એકલપેટા બનીને ખાવાથી પેટ અચૂક ભરાય પરંતુ વહેંચીને કે સાથે મળીને ખાવાનો જે આનંદ છે તે તો અવર્ણનીય છે.!! મિત્રો, મોટરગાડી વસાવ્યા પછી જો પડી જ રહે તો લાંબેગાળે ખોટકાય તેને પણ સમયાંતરે દોડાવવી પડે છે. તેવી જ રીતે જીવનમાં પણ સક્રિયતા જરૂરી છે. સક્રિયતા પણ પોતાના પૂરતી જ સીમિત રહે તો તે નર્યો સ્વાર્થ કહેવાય. પણ જો બીજાઓ માટે ખૂલતી હોય તો તે પરમાર્થ. મારું ઘર - મારી મોટર મારા માટે તો છે જ પણ બીજાના કામમાં આવે તો તે સવાયું ગણાય.

એક પ્રૌઢ વડીલને પૂછ્યું; આજના સમયમાં સાચી ઈજ્જત કોની થાય છે? પ્રૌઢે જવાબ આપ્યો. ઈજ્જત માણસની નથી થતી જરૂરિયાતની થાય છે. જરૂરિયાત ખતમ તો ઈજ્જત ખતમ. બીજાના કામમાં આવીએ તેટલું જ આપણું મૂલ્ય!

મહાપુરુષો બીજાઓ માટે જીવી ગયા તેથી જ તેમનું મૂલ્ય સ્વાભાવિકતયા વધી ગયું. બીજાને ઉપયોગી થવામાં જ જીવનનું હોવાપણું સાબિત થતું હોય છે. આપણી હાજરી બીજાને ટાઢક - શાંતિ બક્ષે તો જ આપણી હયાતીની કિંમત. આપણા થકી બીજાને જોમ - જુસ્સો મળે, હૂંફ મળે. જીવવાની આશા મળે ત્યારે આયખું પરમધામ બને. મીરાં તો દેહને દેવળ કહે છે. સ્વાર્થની સાથે પરમાર્થે ખર્ચવામાં સુગંધ છે. માનવ્યનું બહુમાન છે. જ્યાં પરમાર્થ છે ત્યાં દૈવત છે ને જ્યાં દૈવત છે ત્યાં દેવતા છે.માત્ર ને માત્ર સ્વાર્થમાં જકડાઈને જીવવું એ તો એક પ્રકારનો પક્ષાઘાત - લકવો છે. જડતાનું એક સ્વ-રૂપ છે, ઘણાની પાસે ઘણુંબધું હોય છતાં વાપરી ન જાણે. અરે, કેટલાક તો પછી પછીમાં જીંદગી પૂરી કરી નાંખે ને કઈ કહેવાનું કહી પણ શકતા નથી. ભય ને લોભથી પીડાતી આવી કૃપણતા તો કંગાલિયતનું વરવું રૂપ જ છે.

મારું મારું કરે, ઈશ્વર કહે તેને હું મારું (**kill**)
તારું તારું કરે,ઈશ્વર કહે તેને હું તારું (**save**)

મિત્રો, જેને 'આપણું' માનીએ છીએ તે વસ્તુતઃ ને તત્વતઃ 'સૌનું' જ છે. આપણી અહંબુદ્ધિ જ એકાધિકાર સ્થાપીને બેસે છે. જે મોટું અજ્ઞાન છે, પરમાત્મા પાસેથી જે કઈ લાધ્યું છે તે તો પ્રસાદીરૂપ છે. પ્રસાદ વહેંચીને ખવાય!! હમણાં એક મેસેજ વાંચ્યો, ''અહંકારની 'પાઘડી' જો આપણા માથા પરથી ઉતરી જાય તો.... આપણા જીવનની દરેક સમસ્યાઓ પણ 'પા-ઘડી'માં જતી રહે.''



## લાગણીનો મેળો

રસિક વાળંદ

જીવ - શિવ બની શકે નરમાંથી નારાયણ બનવાની શક્યતા પડેલી છે જ. ગોખમાં દીવો પ્રજ્વલિત છે તેને ઉંબરે લાવીએ- બહાર લાવીએ - એવે ઠેકાણે મૂકીએ કે આપણને અને બીજાને પણ અજવાળું મળે!! આટલું કરવાથી દીવડાનું મૂલ્ય અનેકઘણું વધી જશે...

હમણાં મારો એક વિદ્યાથી મળ્યો. પરિવાર સાથે બહુ ખુશ જણાતો. વ્યવસાયે ખેતીકામ કરતો આ યુવાન વાતચીત કરતાં હર્ષભેર કહેવા લાગ્યો, સાહેબ! હું મારા કામ માટે નીકળું તો તેની સાથે બીજા પરિવારોને પણ પૂછીને નીકળું ને એમનાંયે કામ કરતો આવું.'' લાઈટબીલ ભરવાનું હોય તો બધાંયે શું કામ ધક્કા ખાવાને લાઈનમાં ઉભા રહેવું. હું જ બધાનાં બીલ ભરી આવું. આવા તો અનેક કામ તેણે ગણાવ્યા. ઘસાઈ ને ઉજળા થવું. નિરપેક્ષ નિરાકાંક્ષ પ્રેમ ભાવનાનો પાઠ આ યુવાને પચાવ્યો હતો. સાથે સાથે કૃતજ્ઞભાવે કહેતો પૂ.દાદા (પાંડુરંગ શાસ્ત્રી) મળ્યા ને જીવન માંજતા આવડ્યું. સ્વ સાથે સમષ્ટિને પ્રેમ કરતાં શીખ્યા!!!

દોસ્તો, સાચો પ્રબોધ હૈયાને સ્પર્શતાં વાલિયો વાલ્મિકી બની શકે.... બાકી તો

કોઈ હસી ગયા, કોઈ રડી ગયો,
કોઈ ચડી ગયો, આંખો બંધ થઈ ને કફન ઓઢ્યું
તો ખબર પડી કે, નાટક હતું મજાનું ને
પડદો પડી ગયો... આંખ મીંચાય તે પહેલાં આંખ ઉઘડી જાય તો કેવું?!!

સ્પર્શમણિ : જગત ભલે ન સમજે તું સમજી જા.

●●●

સંસાર સાગર તરવા માટેનાં બે હલેસાં : એક 'નમી જા' અને બીજું ખમી જા'

- Rasikvaland1965@gmail.com